# આપનું સપ્તાહ કેવું જશે? તા.૨૬/૧૦/૨૦૨૬ થી તા.૦૧/૧૧/૨૦૨૬ સુધી

લેખકઃ જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in


**મેષ (અ,લ,ઈ):-** સપ્તાહ દરમિયાન તમારી ચોકસાઈપૂર્ણ કામ કરવાની આદત હરીફાઈમાં આગળ રાખશે તેમજ નવા ક્રિએટીવ અને આધુનિક વિચારો પણ કામ લાગશે અને ભાગીદારી-સામાજિક અને કૌટુંબિક કામમાં સફળતા મળે. માર્કેટીંગ અને બૌદ્ધિક કામમાં પ્રગતિ થાય તેમજ નવી તક મળે. સંતાનો માટે ભવિષ્યની યોજના બને. દૂર રહેતાં કોઈ સંબંધીનો સંપર્ક થાય. અચાનક સફળતા મળે. સંબંધો મજબૂત બને.


**વૃષભ (બ,વ,ઉ):-** સપ્તાહ દરમિયાન ભૂતકાળની ઘટનાથી પરેશાની થઈ શકે છે. માટે હિતશત્રુ-ગુપ્ત શત્રુ-વગેરેથી સાવધાન રહેવું તથા પોલીસ લફરાથી બચવું. કોઈ પણ બાબતોમાં લાગણીઓ પર કાબૂ રાખવો. તમારા હકારાત્મક વિચારો યોગ્ય નિર્ણય લેવામાં અને યોગ્ય દિશા તરફ જવામાં મદદરૂપ બનશે. આત્મવિશ્વાસ મન અને તનને સંતુલિત રાખશે. નોકરી-ધંધામાં નવી તક મળશે.


**મિથુન (ક,છ,ઘ):** સપ્તાહ દરમિયાન નવા ક્રિએટીવ અને ઉપયોગી વિચારોને સમજદારીપૂર્વક લાગુ કરવાથી સારાં પરિણામ મળી શકે છે. ઘર તથા પરિવાર અને કાર્યસ્થળ પર નેતૃત્વ દરમિયાન હકારાત્મક નિર્ણયો અને કાર્ય પાર કરનાર બની રહેશે. પ્રેમ પ્રકરણોમાં વિશ્વાસ અને સમજદારી વધે. સંતાનોના કામમાં પ્રગતિ થાય. સામાજિક જવાબદારી વધશે. કોઈ ભ્રમમાં રહેવું નહીં અને વાદવિવાદથી બચવું.


**કર્ક (ડ,હ):-** ચાલુ વીકમાં વેપાર ધંધામાં આર્થિક પ્રગતિ થાય અને ભૂતકાળમાં કરેલાં કામ અને રોકાણનો લાભ મળે. મિત્રો સાથે ગેરસમજથી બચવું. ધંધામાં નવા સોદા પાર પડે. નોકરીમાં નવી તક મળે. મોજશોખ અને કોસ્મેટીકને લગતા વેપારમાં લાભ થાય. પ્રવાસ દરમિયાન કોઈ પાત્ર તરફ આકર્ષણ થાય. પ્રેમમાં વિવાહની વાત થાય. શેર બજારમાં નવાં રોકાણ થાય. સમાજજીવનમાં યશ મળે.


**સિંહ (મ,ટ):-** સપ્તાહ દરમિયાન લાંબી મુસાફરી થાય. વિદેશનાં કામમાં પ્રગતિ થાય. જીવનસાથીનો સાથ મળે તથા પ્રેમમાં વિશ્વાસ વધશે. નવા મિત્રો સાથે આગળ વધતાં સાવધાન રહેવું. કાયદાકીય બાબતોમાં પ્રગતિ થાય. કોઈ પણ કામમાં નવી તક મળે. વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણમાં મદદ મળે. નોકરીમાં પ્રગતિ થાય. ધંધામાં નવા ફેરફારથી લાભ થાય. પ્રેમ પ્રકરણમાં કોઈની વાતમાં આવવું નહીં. નવી તક મળશે.


**કન્યા (પ,ઠ,ણ):-** ચાલુ વીકમાં કોઈ ગંભીર વાતમાં આગળ વધતાં કે નિર્ણય લેતાં વડીલો વગેરેની સલાહ લેવી. મુશ્કેલ કામને અટકાવવું નહીં પણ સમજદારી અને ધીરજથી આગળ વધારવાથી અચાનક સફળતા મળશે. આર્થિક વ્યવહારમાં સાવધાની રાખવી. કોઈની વાતોમાં આવીને રોકાણ કરવું નહીં. વિદેશ યાત્રાનાં કામ થાય અને પ્રવાસ દરમિયાન સારા અનુભવ થાય. ઉચ્ચ શિક્ષણ અને નોકરી વેપારમાં નવી તક મળે.


**તુલા (ર,ત):-** સપ્તાહ પરિવારમાં વડીલોની સમસ્યા અને આરોગ્યને લગતા કામમાં ધીરે-ધીરે અનુકૂળતા થાય. આપસમાં પ્રેમ વધે તથા પ્રેમસંબંધો મજબૂત બને. વિવાહની વાત આગળ વધશે. નોકરી-ધંધામાં સ્થિરતાનો અનુભવ થાય. કાયદા કાનૂન, વિલ-વારસા તથા વીમા વગેરેના કામમાં પ્રગતિ થાય અને યોગ્ય મદદ મળે. નવા ફેરફારથી પ્રમોશન થાય. વિદેશમાં વિદ્યાભ્યાસમાં મદદ મળે. અચાનક શુભ સમાચાર મળે.


**વૃશ્ચિક (ન,ય):-** સપ્તાહ દરમિયાન બેંક અને લોનને લગતાં કામ થાય. વિજાતિય મિત્રોનો સાથ મળે. પણ વ્યવહારમાં સભાનતા રાખવી. હરીફો, નોકર, ચાકર, ચોર- લૂંટારુથી સાવધાન રહેવું અને ખર્ચા પર કાબૂ રાખવો. પ્રેમવિવાહની યોજનામાં મદદ મળે. સમાજમાં યશ મળે તથા રોજની આવક વધે. કોર્ટ-કચેરીમાં પ્રગતિ થાય. અન્યને સલાહ આપવાનું ટાળવું તથા પ્રવાસમાં સાવધાન રહેવું.


**ધન (ભ,ધ,ફ,ઢ):-** ચાલુ વીકમાં પ્રેમમાં અપનાપણ અને આત્મીયતા વધે. વિદ્યાર્થીઓને નવું શીખવાની ઈચ્છાથી ટેકનોલોજીનું જ્ઞાન મળે. નવા આર્થિક રોકાણ થાય. સંતાનોની ચિંતા હળવી થાય. નોકરી ધંધા તેમજ જાહેર સ્થળ વગેરેમાં વાતચીત કે બોલવામાં સાવધાની રાખવી. કોઈ પણ કામમાં વધુ પડતાં આત્મવિશ્વાસમાં રહેવું નહીં. કોર્ટ-કચેરીમાં મદદ મળે. આરોગ્ય નરમ રહે.


**મકર (ખ,જ):-** સપ્તાહ દરમિયાન સંપત્તિ વગેરે લેવા-વેચવા માટે નવી તકો ઊભી થશે. માટે, મકાન, જમીન, વારસા, વગેરેનાં કામ હાથ પર લેવાં. કુટુંબ-પરિવાર બાબતે સંતુલન અને ધીરજ રાખીને નિર્ણય લેવા. નોકરી-ધંધા વગેરેમાં લાગણીઓથી દૂર રહેવું. ખાસ કરીને પ્રેમ બાબતે વિદ્યાર્થીઓને નવી તક મળે. મોજશોખના વેપારમાં આવક વધે. નોકરીમાં પ્રમોશન થાય. દાંપત્યમાં અશાંતિ.


**કુંભ (ગ,સ,શ,ષ):-** ચાલુ વીકમાં તમારી સ્પષ્ટતા અને આગળની સોચના કારણે કાર્યસ્થળ પર પ્રભાવ વધે અને ઉપરી વર્ગ નવી જવાબદારી સોંપી શકે છે. અચાનક અણધારી સફળતાથી ઉત્સાહ વધશે. મિત્રો ભાઈ બહેનોને મદદરૂપ બનશો. પોતાના પરિવારને મદદરૂપ થવાનો મોકો મળશે. નવા ઘર, વાહનની યોજના પાર પડે. મિલકતને લગતાં કામ થાય. પ્રેમમાં વિશ્વાસ વધે. અભ્યાસમાં નવું શીખવા મળે.


**મીન (દ,ચ,ઝ,થ):-** પરિવાર સાથે મનોરંજન યાત્રાનું આયોજન વીકમાં થાય. ઉઘરાણી આવી શકે છે. વાણી કે બૌદ્ધિક શક્તિથી કાર્ય પાર પડશે. માર્કેટીંગ, શિક્ષણ, દલાલી, ટેકનોલોજી અને પ્રવાસને લગતા કામમાં ભાગ્યનો સાથ મળે. નવા ઘર, વાહન, જમીન વગેરેની યોજના પાર પડશે. ઘરમાં નવા ફેરફાર થાય. નોકરીમાં નવી જવાબદારી મળે. ધંધામાં આવક વધે. પ્રેમમાં ગેરસમજથી અશાંતિ વધે.

# Regime Change ને હવા આપતા ગ્રહ યોગ

## સત્તા પરિવર્તન માટે શનિ-રાહુ-મંગળ-કેતુમાંથી કોઈ પણ જે તે દેશની કુંડલીમાં મારકેશ બનતો હોય તો તે દેશની મુસીબત વધારી દે છે

આખું બ્રહ્માંડ ગ્રહ-નક્ષત્રની ચાલના પ્રભાવમાં ગતિશીલ છે. ગ્રહ-નક્ષત્રની ચાલ- બ્રહ્માંડના વાતાવરણને બદલે છે ત્યારે તેની અસર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જોવા મળતી હોય છે. આજકાલ દેશ અને દુનિયામાં જે આક્રોશ, અજંપો અને અશાંતિમય વાતાવરણ જોવા મળે છે, તે ગ્રહો નક્ષત્રની પ્રત્યક્ષ અસરનું પરિણામ છે. દેશ અને દુનિયાના રાજકારણમાં જે ન કળી શકાય તેવા છૂપા ફેરફાર અને કૂટનીતિ તેમજ દેશ અને દુનિયાના પ્રભાવશાળી નેતાઓની છૂપી ચાલ વગેરે ગ્રહ-નક્ષત્રની પરોક્ષ અસરમાં ભયંકર હિલચાલ કરી રહી છે.

તેના પરિણામ સ્વરૂપ Regime Changeની ચિંતા સતાવે છે અને સત્તા પરિવર્તનની હવા જોવા મળે છે. જન આંદોલન કે આંતરિક સંઘર્ષ દિવસે દિવસે દેશ અને દુનિયામાં વિકરાળ બનતું જાય છે. સામાન્ય રીતે જ્યોતિષની ભાષામાં આવું ત્યારે બનતું હોય છે, કે જ્યારે ભ્રમણ કરતા ગ્રહોની ચાલ બદલાય, પાપ અને શુભ ગ્રહો વચ્ચે અશુભ યોગ પેદા થાય. એક રાશિમાં લાંબા સમય સુધી રહેનાર ગ્રહનું રાશિ પરિવર્તન વક્રી થવું તથા અતિચારી થવું વગેરે લોકોના માનસ પર અસર કરે છે. શુભ ગ્રહમાં શુક્ર પોતાની નીચ રાશિ કન્યામાંથી પોતાની સ્વરાશિ જે ન્યાયના પ્રતીક સમાન છે તેમાં ભ્રમણ કરે છે ત્યારે વૈશ્વિક સ્તર પર કૂટનીતિ અને Regine Change યાની સત્તા બદલવાની વાતને હવા મળે છે કારણકે શુક્રની તુલા રાશિમાં ન્યાયિક શક્તિ જીવંત બને છે. ભૌતિક સુખ, શાંતિ અને સાંસારિક સુખને અગવડભર્યું બનાવનાર શુક્ર પ્રજાની અસુવિધાને સહન કરી શકતા નથી અને જો સરકાર તે માટે જવાબદાર બનતી હોય તો તુલાના શુક્ર દરમિયાન સત્તા પરિવર્તનની હવા તેજ બને છે. આ વખતે શુક્ર-વક્રી માર્ગી વગેરે રીતે લગભગ 82 દિવસ તુલા રાશિમાં એટલે કે 22-11-26 સુધી ભ્રમણ કરનાર છે અને તે મંગળ-રાહુની દૃષ્ટિમાં હોવાથી સરકાર અને પ્રજા વચ્ચે અશાંતિ, ગેરસમજ અને વિનાશક પ્રવૃતિ જેવી આગજની તોફાન ષડયંત્રો વગેરેને ઉગ્ર બનાવે છે. રાહુ-કેતુ મંગળ અચાનક બદલાવને અસર કરે તેવું અપ્રત્યક્ષ વાતાવરણ પેદા કરીને નેતાઓ કે જે સત્તાપક્ષમાં હોય તેમની વચ્ચે મતભેદ વધારીને પરિવર્તનનું વાતાવરણ પેદા કરે છે. સત્તા પરિવર્તન માટે શનિ-રાહુ-મંગળ-કેતુમાંથી કોઈ પણ જે તે દેશની કુંડલીમાં મારકેશ બનતો હોય તો તે દેશની મુસીબત વધારી દે છે. આપણા સ્વતંત્ર ભારતની કુંડલીમાં મંગળ મારકેશ થઈને મારક સ્થાનમાં છે અને જુલાઈ 2025 થી જુલાઈ 2032 સુધીની મહાદશા

**ખાસ કરીને ભારત માટે બદલવાની હવાને રોકવી મુશ્કેલ છે. કારણ મારકેશ મંગળની મહાદશા, ગુરુની અતિચારી ચાલ અને આવનાર ડિસે. 2026માં રાહુ-કેતુનું રાશિ પરિવર્તન અને જૂન-2027માં મેષ રાશિમાં પ્રવેશતા શનિ વગેરેનો નિર્દેશ પરિવર્તનનું સૂચન કરે છે**

પણ મંગળની જ ચાલે છે માટે જ આપણા દેશમાં અચાનક GEN-Zનું કોઈએ કલ્પના ન કર્યું હોય તેવું ઉગ્ર અને અશાંતિજનક આંદોલન પેદા થયું.

તા. 31-10-2026 થી આજકાલ આખી દુનિયામાં જે ભયાનક અને માનવજાતની સુખ-શાંતિને હણનાર વાતાવરણને હવા આપનાર ગ્રહ અતિચારી ગુરુ જે રાશિ બદલીને સિંહ રાશિમાં કેતુ સાથે મઘા નક્ષત્રના પ્રથમ ચરણમાં અંશાત્મક યુતિ કરે છે. આ અગ્નિતત્ત્વની ગંડાત રાશિ અને નક્ષત્રમાં ગુરુનું ભ્રમણ જનસામાન્ય માટે પ્રતિકૂળ છે અને સરકાર માટે પડકારરૂપ! કારણકે જનસમુદાયને માંગલિક કાર્યમાં રોકી રાખીને દેશના વાતાવરણ કે રાજકારણથી વિમુખ કરવાની શક્તિ ગુરુમાં સિંહ રાશિ દરમિયાન હોતી નથી માટે પ્રજા દેશમાં ચાલતા રાજનીતિક વાતાવરણમાં જોડાઈને સરકારની મુસીબત વધારે છે. ગુરુ પાર્ટી-વક્રી અવસ્થામાં 25-10-2027 સુધી સિંહ રાશિમાં રહેશે. ગુરુ-કેતુની યુતિ અધ્યાત્મ, વૈરાગ્ય, જ્ઞાન, ધર્મ અને નૈતિકતાને બળ આપનાર માનવામાં આવે છે. માટે દેશમાં ધર્મસ્થાન અને રાજકારણમાં ધર્મને લઈને લોકો વિમુખ થશે. કારણકે આ બંને ગ્રહો સાચી ધાર્મિકતા અને અધ્યાત્મ સાથે સંબંધ ધરાવે છે. આપણા સ્વતંત્ર ભારતની કુંડલીમાં આ યુતિ ચોથા ભાવમાં થાય છે. માટે જનતા ધર્મની સાથે ભૌતિકતા અને સાંસારિક સુખ શાંતિની કામના કરશે. જે સરકાર અને જનતા વચ્ચે ભ્રમ કે અલગાવ પેદા કરીને ચાલતા આક્રોશને બળ આપશે. આ યુતિ ધાર્મિક બાબતોને વાસ્તવિક રીતે સમજવાની શક્તિ આપનાર બને છે. માટે લોકો ધર્મ-જાતિ-ઉચ્ચ-નીચ વગેરે વાડામાં પુરાઈને રહેવાને બદલે દેશના શાંતિમય વાતાવરણ તરફ જવાની ઈચ્છાના કારણે પરિવર્તન બળ આપશે. ચોથા ભાવમાં થતી આ યુતિ વડીલો અને યુવાનો વચ્ચે તાલમેળ રહેવા નહીં દે માટે GEN-Z ના આંદોલનમાં વડીલ એટલે કે સરકાર અને આંદોલનમાં વિદ્યાર્થી પક્ષ વચ્ચે તાલમેળ રહેશે નહીં. ગુરુ-શુક્ર બંને શુભ ગ્રહો છે. જે સુખાકારી, શાંતિ, વિદ્યા, જ્ઞાન, સમૃદ્ધિ, વિકાસ અને આધુનિક જીવનશૈલીને સંયમમાં રાખીને પ્રજાની સુલેહભરી વિચારસરણીને પ્રબળ કરે છે પણ આ બંને ગ્રહો પાપ ગ્રહોથી દૂષિત છે માટે સરકારો જે દેશની હોય કે દુનિયાભરની જેમના માટે સ્થિરતા બનાવી રાખવી મુશ્કેલ છે. ખાસ કરીને ભારત માટે બદલવાની હવાને રોકવી મુશ્કેલ છે. કારણ મારકેશ મંગળની મહાદશા, ગુરુની અતિચારી ચાલ અને આવનાર ડિસે. 2026માં રાહુ-કેતુનું રાશિ પરિવર્તન અને જૂન-2027માં મેષ રાશિમાં પ્રવેશતા શનિ વગેરેનો નિર્દેશ પરિવર્તનનું સૂચન કરે છે. જે Regime Change ની કે અન્ય કોઈ રીતે? વર્તમાન વાતાવરણ શાંત થવું મુશ્કેલ છે.

# ઓક્ટોબરમાં પણ આકરી ગરમી રાજકોટનું તાપમાન ૩૯.૮ ડિગ્રી!

## ગુજરાતમાં ગરમીનો પારો ઊંચો

અમદાવાદ : ગુજરાતમાં હાલ મોટાભાગના વિસ્તારોમાં શુષ્ક હવામાન વચ્ચે ગરમીનો પારો ઊંચો રહ્યો છે. રાજકોટમાં ૩૯.૮ ડિ.સે. મહત્તમ તાપમાન નોંધાતાં તે રાજ્યનું સૌથી ગરમ શહેર બન્યું હતું. કચ્છના કેટલાક વિસ્તારોમાં મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થયો હોવા છતાં સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં તાપમાન સામાન્ય કરતાં ઊંચું રહ્યું હતું. અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૭ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૧ ડિ.સે. રહેવાની આગાહી કરવામાં આવી છે.

રાજ્યમાં રાજકોટ બાદ કંડલા એરપોર્ટમાં ૩૮.૬ ડિ.સે., સુરેન્દ્રનગરમાં ૩૮.૫ ડિ.સે., ભૂજ અને કેશોદમાં ૩૮ ડિ.સે., ડીસામાં ૩૭.૪ ડિ.સે. તથા અમદાવાદમાં ૩૭ ડિ.સે. મહત્તમ તાપમાન નોંધાયું હતું. અમરેલી અને વલ્લભ વિદ્યાનગરમાં ૩૬.૯ ડિ.સે., વડોદરામાં ૩૬.૮ ડિ.સે., સુરતમાં ૩૬.૬ ડિ.સે., કંડલા પોર્ટ અને ભાવનગરમાં ૩૬.૫ ડિ.સે. તથા ગાંધીનગરમાં ૩૬.૨ ડિ.સે. તાપમાન નોંધાયું હતું. નલિયામાં ૩૪.૪ ડિ.સે. અને દમણમાં ૩૪.૨ ડિ.સે. મહત્તમ તાપમાન રહ્યું હતું.

હવામાન વિભાગના સત્તાવાર અહેવાલ અનુસાર, ગુજરાત પ્રદેશ, સૌરાષ્ટ્ર-કચ્છ, દીવ, દમણ અને દાદરા-નગર હવેલીમાં હવામાન શુષ્ક રહ્યું હતું. સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં નોંધપાત્ર ઊંચું હતું, જ્યારે ગુજરાત પ્રદેશ અને કચ્છના કેટલાક વિસ્તારોમાં પણ તાપમાન સામાન્ય કરતાં વધુ નોંધાયું હતું.

## બંગાળની ખાડીમાં વાવાઝોડું વધુ તીવ્ર બનવાની શક્યતા

બંગાળની ખાડીના મધ્ય ભાગ અને તેની નજીકના દક્ષિણપૂર્વીય વિસ્તારમાં સર્જાયેલું ડીપ ડિપ્રેશન ૨૫ ઓક્ટોબરે સવારે ૧૧.૩૦ વાગ્યે ૧૫.૧ ડિગ્રી ઉત્તર અક્ષાંશ અને ૯૧.૦ ડિગ્રી પૂર્વ રેખાંશ નજીક કેન્દ્રિત હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, તે ૨૬ ઓક્ટોબરની વહેલી સવારે ચક્રવાતી વાવાઝોડામાં ફેરવાય તેવી શક્યતા છે. ત્યારબાદ ૨૭ ઓક્ટોબરની સવારે પશ્ચિમમધ્ય બંગાળની ખાડીમાં તે તીવ્ર ચક્રવાતી વાવાઝોડું બની શકે છે. આ વાવાઝોડું વધુ તીવ્ર બની ૨૮ ઓક્ટોબરની સવારે આંધ્રપ્રદેશના દરિયાકાંઠા નજીક પહોંચે તેવી સંભાવના છે. ૨૮ ઓક્ટોબરની સવારથી બપોર પહેલાં બાપટલા અને વિશાખાપટ્ટનમ વચ્ચે આંધ્રપ્રદેશ તથા યાનમના દરિયાકાંઠે તે અતિ તીવ્ર ચક્રવાતી વાવાઝોડા તરીકે ત્રાટકી શકે છે. તે સમયે પવનની મહત્તમ સતત ઝડપ કલાકના ૧૧૫થી ૧૨૫ કિલોમીટર અને ઝાપટાં સાથે ૧૪૦ કિલોમીટર સુધી પહોંચવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ઉત્તર હરિયાણા અને ઉત્તર રાજસ્થાનની આસપાસ હવામાનની અન્ય પ્રણાલીઓ પણ સક્રિય છે. જોકે, ગુજરાતમાં હાલ શુષ્ક હવામાન વચ્ચે ગરમીનો અનુભવ યથાવત્ રહેવાની સ્થિતિ છે.

# સરદાર પટેલની ૧૫૧મી જન્મજયંતીએ દેશભરમાં એકતા દોડ યોજાશે




## રન ફોર યુનિટી'માં જોડાવા વડાપ્રધાનનું આહ્વાન

ગાંધીનગર : દેશની એકતા અને અખંડિતતાના સંકલ્પને જનઆંદોલનનું સ્વરૂપ આપવા સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતીએ ૩૧ ઓક્ટોબરે દેશભરમાં 'રન ફોર યુનિટી'નું આયોજન થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'મન કી બાત'ના ૧૩૯મા એપિસોડમાં દેશવાસીઓને આ એકતા દોડમાં ઉત્સાહભેર સહભાગી બનવા આહ્વાન કર્યું છે. તેમણે પરિવારજનો, મિત્રો અને આસપાસના લોકોને પણ દોડમાં જોડવા અપીલ કરીને રાષ્ટ્રીય એકતાનો સંદેશ વધુ વ્યાપક બનાવવા અનુરોધ કર્યો છે.

સરદાર વલ્લભભાઈ પટેલે દેશનાં રજવાડાંઓને એકસૂત્રમાં બાંધી અખંડ ભારતના નિર્માણમાં ઐતિહાસિક ભૂમિકા ભજવી હતી. તેમની આ વિરાસતને યાદ કરવા અને દેશની એકતા, અખંડિતતા તથા વિવિધતામાં એકતાના મૂલ્યોને વધુ મજબૂત બનાવવા દર વર્ષે ૩૧ ઓક્ટોબરે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરવામાં આવે છે.

વડાપ્રધાનના સંદેશ મુજબ, 'રન ફોર યુનિટી' માત્ર એક દોડ નહીં, પરંતુ રાષ્ટ્રના સામૂહિક સંકલ્પને પુનઃ દોહરાવવાનો અવસર છે. તેમાં વધુમાં વધુ નાગરિકોની ભાગીદારીથી એકતા અને રાષ્ટ્રીય અખંડિતતાનો સંદેશ સમાજના દરેક વર્ગ સુધી પહોંચે તેવો ઉદ્દેશ છે. આથી, ૩૧ ઓક્ટોબરે યોજાનારી એકતા દોડમાં નાગરિકો પોતાના પરિવાર અને મિત્રો સાથે જોડાઈ રાષ્ટ્રની એકતા મજબૂત કરવાના સંકલ્પમાં સહભાગી બને તેવી અપીલ કરવામાં આવી છે.

# ગુજરાતની ૨,૩૩૫ શાળાઓ એક જ શિક્ષકના સહારે

## TAT-HSનું પરિણામ જાહેર કરવા કોંગ્રેસની માંગ

ગાંધીનગર : ગુજરાતમાં TAT-HS મુખ્ય પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં વિલંબ અને ભરતી પ્રક્રિયા અંગે સ્પષ્ટતા ન થવાથી હજારો શિક્ષક ઉમેદવારોની કારકિર્દી અનિશ્ચિતતામાં મુકાઈ હોવાનો આક્ષેપ ગુજરાત કોંગ્રેસની નેતાગીરીએ કર્યો છે. કોંગ્રેસના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ એમ. દોશીએ રાજ્ય સરકાર, ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ અને શિક્ષણ વિભાગ સમક્ષ TAT-HS Mainsનું પરિણામ વહેલી તકે જાહેર કરવા તથા ભરતીનું પારદર્શક સમયપત્રક જાહેર કરવાની માગ કરી છે. એક તરફ રાજ્યની શાળાઓમાં શિક્ષકોની અછતનો પ્રશ્ન છે, તો બીજી તરફ શિક્ષક બનવા માટે પરીક્ષા આપનારા લાયક ઉમેદવારો પરિણામની રાહ જોઈ રહ્યા છે. કોંગ્રેસે આ સ્થિતિનો ઉલ્લેખ કરીને પરિણામની સંભવિત તારીખ, વિષયવાર અને માધ્યમવાર ખાલી જગ્યાઓની વિગતો તથા ભરતી પ્રક્રિયાના આગળના તબક્કા અંગે સત્તાવાર સ્પષ્ટતા કરવાની માગ કરી છે. ડૉ. દોશીના જણાવ્યા અનુસાર, TAT-HS ૨૦૨૬ની પરીક્ષાની જાહેરાત ૫ ફેબ્રુઆરીએ કરવામાં આવી હતી અને ૧૦થી ૧૯ ફેબ્રુઆરી દરમિયાન અરજીઓ મંગાવવામાં આવી હતી. પ્રિલિમિનરી પરીક્ષા ૧૨ એપ્રિલે યોજાઈ હતી, જેમાં કુલ ૧,૬૫,૦૨૪ નોંધાયેલા ઉમેદવારોમાંથી ૧,૪૭,૫૮૪ ઉમેદવારો હાજર રહ્યા હતા. તેમાંથી ૫૧,૯૭૧ ઉમેદવારો મુખ્ય પરીક્ષા માટે લાયક ઠર્યા હતા. ગુજરાતી માધ્યમની મુખ્ય પરીક્ષા માટે ૫૦,૦૬૯ ઉમેદવારો નોંધાયા હતા અને પરીક્ષા ૮ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ યોજાઈ હતી. મુખ્ય પરીક્ષા પૂર્ણ થયા બાદ પરિણામ ક્યારે જાહેર થશે અને ત્યારબાદ ભરતી પ્રક્રિયા કઈ રીતે આગળ વધશે તે અંગે ઉમેદવારોમાં અનિશ્ચિતતા હોવાનો કોંગ્રેસે મુદ્દો ઉઠાવ્યો છે. પરિણામમાં વિલંબથી ઉમેદવારોને આગળના અભ્યાસ, અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને રોજગાર અંગેનું આયોજન કરવામાં મુશ્કેલી પડી શકે છે, તેમ ડૉ. દોશીએ જણાવ્યું હતું.

### કોંગ્રેસની પાંચ માગણીઓ

(1) TAT-HS Mainsનું પરિણામ શક્ય તેટલી વહેલી તકે જાહેર કરો
(2) પરિણામની સંભવિત તારીખ અંગે સત્તાવાર જાહેરાત કરો
(3) વિષયવાર તથા માધ્યમવાર ખાલી શિક્ષક જગ્યાઓની વિગતો જાહેર કરો
(4) ભરતી પ્રક્રિયાનું પારદર્શક સમયપત્રક જાહેર કરો
(5) લાયક ઉમેદવારોની ભરતી ઝડપથી પૂર્ણ કરીને શાળાઓમાં શિક્ષકોની અછત દૂર કરો

## અનુસંધાન ... પાના પહેલાનું

### 'મોદી કા બાપ ભી જાયેગા'...

મોકલશે તેવા ખડગેના નિવેદનના જવાબમાં, શ્રોતાઓમાંથી એક વ્યક્તિએ બૂમ પાડી કે, 'જ્યાં સુધી બળવો નહીં થાય, ત્યાં સુધી મોદી ક્યાંય નહીં જાય.' આના જવાબમાં કોંગ્રેસ અધ્યક્ષે વળતો પ્રહાર કરતા કહ્યું, 'મોદી કા બાપ ભી જાયેગા'. બિહારના મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ ખડગેના નિવેદનની સખત નિંદા કરી હતી અને કોંગ્રેસ પાસે માફીની માંગ કરી હતી. ચૌધરીએ X પર એક વીડિયો સંદેશમાં કહ્યું, 'નરેન્દ્ર મોદીના પિતા સામે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે દ્વારા આપવામાં આવેલું નિવેદન અત્યંત કમનસીબ છે. તે દર્શાવે છે કે કોંગ્રેસ વડાપ્રધાનના પરિવાર પ્રત્યે દુર્ભાવના ધરાવે છે.' ખડગેના આ કૃત્યને 'ગુનો' ગણાવતા મુખ્યમંત્રીએ કહ્યું કે, વડાપ્રધાનના પિતા સામે વપરાયેલી 'અપમાનજનક' ભાષા માટે કોંગ્રેસ પ્રમુખ અને પાર્ટી નેતા રાહુલ ગાંધીએ માફી માંગવી જોઈએ. બિહારના અન્ય એનડીએ નેતાઓએ પણ ખડગેની ટિપ્પણીને 'કમનસીબ' અને 'કોંગ્રેસની હતાશા તથા રાજકીય શિષ્ટાચારના અભાવને દર્શાવનારી' ગણાવી હતી. બિહાર ભાજપના પ્રદેશ અધ્યક્ષ સંજય સરાઓગીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 'વડાપ્રધાન સામે આવી ભાષાનો ઉપયોગ કરવો એ જનતાના જનાદેશનું અનાદર કરવા સમાન છે. ખડગે રાહુલ ગાંધી, સોનિયા ગાંધી અને તેમના પરિવાર દ્વારા લખાયેલી સ્ક્રિપ્ટને અનુસરી રહ્યા છે. મોદી અને તેમના પરિવારનું અપમાન કરવું એ કોંગ્રેસની જૂની ટેવ રહી છે.' સરાઓગીએ કહ્યું કે રાજકીય મતભેદો હોવા છતાં, તમામ નેતાઓએ જાહેર જીવનમાં પોતાની ભાષામાં ગરિમા જાળવવી જોઈએ અને લોકશાહી મૂલ્યોનું સન્માન કરવું જોઈએ. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે 'અભદ્ર ભાષા' થી મોદીનું કદ ઓછું નહીં થાય કે ન તો તેમને મળતું જનસમર્થન ઘટશે, જ્યારે રાજકીય પ્રવચનના ધોરણો નીચા લાવવા માટે કોંગ્રેસે જનતાના ક્રોધનો સામનો કરવો પડશે. એક વીડિયો સ્ટેટમેન્ટમાં, જેડીયુના રાષ્ટ્રીય પ્રવક્તા રાજીવ રંજન પ્રસાદે જણાવ્યું હતું કે તેમની પાર્ટી ખડગેની ટિપ્પણીની સખત શબ્દોમાં નિંદા કરે છે. પ્રસાદે કહ્યું, 'કોંગ્રેસ પાર્ટીના આચરણ, ચરિત્ર કે અભિગમમાં કોઈ મોટા ફેરફારની આશા બહુ ઓછી છે.' તેમણે કહ્યું કે કોંગ્રેસ પાસે ચૂંટણીના જનાદેશ પર સવાલ ઉઠાવવાનું કોઈ ઔચિત્ય નથી. પ્રસાદે ઉમેર્યું, 'જનતાએ પાર્ટીને માત્ર છ બેઠકો પર સીમિત કરી દીધી છે અને તેને એવી સ્થિતિમાં ધકેલી દીધી છે કે જ્યાંથી તે ક્યારેય બહાર આવી શકશે નહીં.'

### કોંગ્રેસનું વૈચારિક દેવાળું...

પાર્ટી હવે 'માફિયા ગેંગ' જેવી વધુ દેખાઈ રહી છે. ભાજપના પ્રમુખ નીતિન નબીને જણાવ્યું હતું કે, દેશના લોકો આ 'અભદ્ર રાજકારણ'ને ખૂબ જ નજીકથી જોઈ રહ્યા છે અને યોગ્ય સમયે તેનો યોગ્ય જવાબ આપશે. તેમણે 'X' પર કહ્યું, 'આજે પટનામાં દેશના આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજી પ્રત્યે કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે દ્વારા જે પ્રકારની અભદ્ર અને અસંસદીય ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો છે, તે કોંગ્રેસ પાર્ટીની વૈચારિક નાદારી દર્શાવે છે.' નબીને કહ્યું કે રાજકીય વિરોધમાં પણ કંઈક મર્યાદા હોવી જોઈએ. તેમણે ઉમેર્યું, 'પરંતુ જાહેર મંચ પરથી ભાષણોમાં દિવંગત પરિવારના સભ્યોને ઘસડી લાવવા એ હવે રાહુલ ગાંધી અને આખી વિપક્ષી મંડળીની ખરી 'સંસ્કૃતિ' બની ગઈ છે.' ભાજપે તેના 'X' હેન્ડલ પર કહ્યું, 'જે ભાષા એક સમયે લુખ્ખા અને ગુંડાઓ સાથે જોડવામાં આવતી હતી, તે ભાષાનો ઉપયોગ હવે સ્વયં કોંગ્રેસ પ્રમુખ કરી રહ્યા છે... તેમની કામ કરવાની આખી શૈલી એક માફિયામાં ફેરવાઈ ગઈ છે. આ હવે કોઈ રાજકીય પક્ષ નથી રહ્યો – તે એક માફિયા ગેંગ જેવો વધુ લાગે છે.' ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે ખડગેએ આજે પટનામાં 'મોદીજીના પિતા વિશે અભદ્ર ટિપ્પણી કરીને શિષ્ટાચારના તમામ ધોરણોના ધજાગરા ઉડાવ્યા છે.' શાહે કહ્યું હતું કે રાહુલ ગાંધીના નેતૃત્વ હેઠળ કોંગ્રેસ અશોભનીયતાની તમામ મર્યાદાઓ ઓળંગી રહી છે. ભાજપના સાંસદ રવિ શંકર પ્રસાદે ખડગેની ટિપ્પણીને શરમજનક ગણાવતા માગણી કરી હતી કે સોનિયા અને રાહુલ ગાંધી બંનેએ માફી માગવી જોઇએ.

એક વિડિઓ સ્ટેટમેન્ટમાં, JD(U)ના રાષ્ટ્રીય પ્રવક્તા રાજીવ રંજન પ્રસાદે જણાવ્યું હતું કે તેમની પાર્ટી ખડગેની ટિપ્પણીઓની સખત શબ્દોમાં નિંદા કરે છે. 'કોંગ્રેસ પાર્ટીના આચરણ, ચરિત્ર કે અભિગમમાં કોઈ મોટા ફેરફારની આશા ખૂબ ઓછી છે,' પ્રસાદે ઉમેર્યું. કેન્દ્રીય મંત્રી અને લોક જનશક્તિ પાર્ટીના અધ્યક્ષ ચિરાગ પાસવાને કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીને ખેદજનક ગણાવી હતી અને કહ્યું હતું કે રાજકીય વિરોધ વ્યક્તિગત ટિપ્પણી કરવાને બદલે તથ્યો અને દલીલો પર આધારિત હોવો જોઈએ. તેમણે કહ્યું હતું કે વૈચારિક મતભેદ હોઇ શકે, પણ શોભનીયતા જળવાવી જોઇએ.

### નેપાળે ભારતને...

માટે મંજૂરી આપવામાં આવી હતી.

શ્રેષ્ઠાએ જણાવ્યું હતું કે, ભારતના સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી ઓથોરિટી(CEA)એ બાંગ્લાદેશને સપ્લાય કરવા માટે અન્ય હાઈડ્રોપાવર પ્રોજેક્ટ્સ દ્વારા ઉત્પાદિત વીજળીને મંજૂરી આપ્યા બાદ બાંગ્લાદેશમાં વીજ નિકાસ ફરી શરૂ કરવામાં આવી છે.

### માજી ચીફ જસ્ટિસ...

ન્યાયાધીશે જણાવ્યું હતું કે ન્યાયતંત્રની સ્વતંત્રતા જાળવવા માટે કોલેજિયમે કારોબારી(સરકાર)ના દબાણનો પ્રતિકાર કરવો જ જોઈએ. તત્કાલીન CJI સરકારને ખુશ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા કે આગોતરી મંજૂરી માંગી રહ્યા હતા તેવા પ્રશ્નના જવાબમાં જસ્ટિસ કૌલે કહ્યું, 'મને નથી લાગતું કે તે સરકારને ખુશ કરવાનો સવાલ હતો, પરંતુ જે બન્યું હતું તે એ હતું કે તેમણે મારી સાથે અગાઉ એ નામો અંગે ચર્ચા કરી હતી.' 'અમે પાંચ નામો પર સંમત થયા હતા, અને મને લાગતું હતું કે કોલેજિયમના અન્ય સભ્યો પણ તેનાથી સંતુષ્ટ હશે. પરંતુ કોલેજિયમની બેઠકમાં જતા સમયે આ(છઠ્ઠું) નામ મારી સામે મૂકવામાં આવ્યું હતું. મેં કહ્યું કે આ નામ મને સ્વીકાર્ય નથી અને અન્ય સભ્યોને પણ સ્વીકાર્ય નહીં થાય.' જસ્ટિસ કૌલે કહ્યું, 'અને તે ઈચ્છતા હતા કે હું સહયોગ કરું અને આ નામ સાથે આગળ વધું. મેં કહ્યું કે જો હું એવું કરીશ તો પણ બાકીના સભ્યો માનશે નહીં. મને વિશ્વાસ હતો અને બેઠકમાં એવું જ બન્યું. મેં તેમને કહ્યું હતું કે આ નામ પાસ નહીં થાય કારણ કે હું કોલેજિયમના અન્ય સભ્યોના વિચારો જાણું છું. કદાચ તેમણે છઠ્ઠા નામ સહિત અન્ય નામો માટે અગાઉથી જ એક પ્રકારની મંજૂરી લઈ લીધી હતી.' વરિષ્ઠ પત્રકાર કરણ થાપરને તેમણે કહ્યું, 'તેથી, કમનસીબે, સરકાર સાથે અગાઉથી ચર્ચા કરીને નામો નક્કી કરવાની આ એક પ્રથા બની ગઈ છે.'

### જસ્ટિસ કૌલે...

આક્ષેપોને ફગાવી દીધા હતા. બીજી તરફ, વરિષ્ઠ એડવોકેટ અને સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશનના પૂર્વ પ્રમુખ વિકાસ સિંહે કૌલની ટીકાનું સમર્થન કર્યું હતું અને આરોપ લગાવ્યો હતો કે સરકાર પ્રત્યે ચંદ્રચૂડનું વલણ અને સંવેદનશીલ કેસોની ફાળવણીની તેમની રીત ન્યાયતંત્રની સ્વતંત્રતા પર પ્રશ્નો ઊભા કરે છે. આ પરસ્પર વિરોધી સમીક્ષાઓ કૌલની સંસ્મરણીકા 'વિધાઉટ ફિયર ઓર ફેવર'ના વિમોચન પહેલાં 'ધ વાયર'ને આપેલા એક ઇન્ટરવ્યુમાં કરવામાં આવેલી ટિપ્પણીઓ બાદ સામે આવી છે. કૌલે આરોપ લગાવ્યો હતો કે ચંદ્રચૂડ વહીવટી બાબતો અને ન્યાયિક નિમણૂકોમાં જરૂરિયાત કરતાં વધુ સરકાર પ્રત્યે ઝૂકેલા હતા. દ્વિવેદીએ કહ્યું કે ચંદ્રચૂડની આગેવાની હેઠળની બેન્ચોએ એન્ટ્રી ટેક્સ, આધાર પ્રાઇવસી, ખાણ અને ખનિજો, ઇન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી કોડ, આર્બિટ્રેશન, ઔદ્યોગિક આલ્કોહોલ સંબંધિત સંઘીય મુદ્દાઓ, લઘુમતી, અયોધ્યા, કલમ ૩૭૦ અને અન્ય ઘણા મહત્વના કેસો ચલાવ્યા હતા. જોકે, વિકાસ સિંહે કૌલની ટીકાનું સમર્થન કરતાં આરોપ લગાવ્યો હતો કે ચંદ્રચૂડ પોતાની સ્વતંત્રતાની એવી છબી દર્શાવતા હતા જે તેમના વાસ્તવિક આચરણ સાથે મેળ ખાતી નહોતી. "જસ્ટિસ કૌલ બિલકુલ સાચા છે કારણ કે જસ્ટિસ ચંદ્રચૂડ પોતાને વાસ્તવિકતા કરતાં ખૂબ અલગ દર્શાવવાનો પ્રયાસ કરતા હતા. ઘણા મુખ્ય ન્યાયાધીશોએ વાસ્તવમાં તે જ કર્યું જે કેન્દ્ર સરકાર ઇચ્છતી હતી, પરંતુ તેમણે એવો ડોળ ન કર્યો કે તેઓ ખૂબ અલગ કે ખૂબ સ્વતંત્ર છે. તેમણે એવો પણ આરોપ લગાવ્યો કે આ મુદ્દો માત્ર ન્યાયિક નિમણૂકો સુધી સીમિત નહોતો, પરંતુ બેન્ચોને સંવેદનશીલ કેસોની ફાળવણી સુધી વિસ્તરેલો હતો. તેમણે દાવો કર્યો કે ચંદ્રચૂડના કાર્યકાળ દરમિયાન જે કેસો પહેલાં એક બેન્ચ સાંભળતી હતી તે બીજી બેન્ચમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા.

### રાહુલ ગાંધી વિરુદ્ધ...

10 વાગ્યા સુધીમાં આવે તેવી અપેક્ષા છે. આ કેસ 2018માં કર્ણાટક ચૂંટણી પહેલા બેંગલુરુમાં એક રેલીમાં ગાંધી દ્વારા શાહ વિરુદ્ધ કરવામાં આવેલી કથિત વાંધાજનક ટિપ્પણી સાથે સંબંધિત છે. સુલ્તાનપુરમાં ડિસ્ટ્રિક્ટ કોઓપરેટિવ બેંકના ભૂતપૂર્વ ચેરમેન અને ભાજપ નેતા વિજય મિશ્રાએ 4 ઓગસ્ટ, 2018ના રોજ ગાંધી વિરુદ્ધ માનહાનિનો કેસ દાખલ કર્યો હતો. 2023માં કોંગ્રેસ નેતા કોર્ટ સમક્ષ હાજર થયા હતા અને જામીન મેળવ્યા હતા.

### આંધ્રપ્રદેશના કાંઠે...

શક્યતા છે. લોકોએ ખૂબ જ સતર્ક રહેવું જોઈએ." મેનેજિંગ ડિરેક્ટરના જણાવ્યા અનુસાર, ડિપ્રેશન ૫ કિમી પ્રતિ કલાકની ઝડપે દક્ષિણ-પૂર્વ તરફ વધી રહ્યું હતું અને રવિવારે સવારે ૫.૩૦ વાગ્યે પૂર્વ-મધ્ય અને અડીને આવેલી દક્ષિણ-પૂર્વ બંગાળની ખાડી પર કેન્દ્રિત હતું. તે આંદામાન ટાપુઓમાં શ્રી વિજય પુરમથી લગભગ ૪૪૦ કિમી ઉત્તર-ઉત્તરપશ્ચિમમાં, વિશાખાપટ્ટનમથી ૮૮૦ કિમી પૂર્વ-દક્ષિણપૂર્વમાં, કાકીનાડાથી ૯૮૦ કિમી પૂર્વ-દક્ષિણપૂર્વમાં, મછલીપટ્ટનમથી ૧,૦૮૦ કિમી પૂર્વમાં અને બાપટલાથી ૧,૧૫૦ કિમી પૂર્વમાં સ્થિત હતું. તેવી જ રીતે, હવામાન વિભાગે જણાવ્યું હતું કે ડિપ્રેશન રવિવારે લગભગ દક્ષિણ તરફ આગળ વધે અને ધીમે ધીમે પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ વળતા પહેલા મજબૂત બનીને ડિપ ડિપ્રેશનમાં ફેરવાય તેવી શક્યતા છે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે ૨૮ ઓક્ટોબરના બપોર પહેલા બાપટલા અને વિશાખાપટ્ટનમ વચ્ચે આંધ્રપ્રદેશ અને યાનમ કિનારેથી વાવાઝોડું પસાર થવાની આગાહી છે, જે દરમિયાન મહત્તમ ૧૨૫ કિમી પ્રતિ કલાકની ઝડપે અને પવનના ઝાપટાં ૧૪૦ કિમી પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે. પોલીસ અધિક્ષકો અને ક્ષેત્રીય અધિકારીઓને સતર્ક રહેવા, ખતરનાક હોર્ડિંગ્સ હટાવવા અને જરૂર પડે તો દરિયાકાંઠાના વિસ્તારના લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવાની વ્યવસ્થા કરવા જણાવવામાં આવ્યું છે. ૨૮ ઓક્ટોબરે પાડોશી રાજ્ય આંધ્ર પ્રદેશના દરિયાકાંઠે એક ગંભીર ચક્રવાતી વાવાઝોડું ત્રાટકે તેવી શક્યતા વચ્ચે ઓડિશા સરકારે રવિવારે તૈયારીઓ તેજ બનાવી હતી અને સંવેદનશીલ વિસ્તારોમાં કર્મચારીઓ તથા સાધનો તૈનાત કર્યા છે.

### કેરળમાં ભારે વરસાદથી...

કલાકમાં ૨૦ સે.મી.થી વધુના અત્યંત ભારે વરસાદનો સંકેત આપે છે, જ્યારે ઓરેન્જ એલર્ટનો અર્થ ૧૧ સે.મી.થી ૨૦ સે.મી. સુધીનો ખૂબ ભારે વરસાદ અને યલો એલર્ટનો અર્થ ૬ સે.મી.થી ૧૧ સે.મી. વચ્ચેનો ભારે વરસાદ થાય છે.


## આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસઃ ઓફિસ નં. 501 અને 503, 5મા માળે, લાઈટબ્રિજ, સાકી વિહાર રોડ, અંધેરી ઈસ્ટ, મુંબઈ ઉપનગરીય (જિલ્લો) મહારાષ્ટ્ર. 400072
વડોદરા બ્રાન્ચઃ યુનિટ નં. SF- 201, બીજો માળ, સિલ્વર ફોર્ચ્યુન બિલ્ડિંગ, જૈન મંદિરની પાસે, અકોટા કાઉ સર્કલ રોડ, અકોટા, વડોદરા, ગુજરાત. 390020

### ઇ-ઓક્શન - વેચાણ નોટિસ

સિક્યોરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 સાથે વંચાણમાં લેતા સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 8(6)ના પ્રોવિઝો હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઇ-ઓક્શન વેચાણ નોટિસ. આથી જાહેર જનતાને અને ખાસ કરીને ઉધારકર્તા(ઓ) અને જામીનદાર(ઓ) ને સૂચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ ગિરવે મૂકેલી સ્થાવર મિલકત, જેનો કબજો આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, તે "જે છે જ્યાં છે", અને "જે છે જેવી છે" અને "કોઈ જાણીતા બોજા વગર"ના ધોરણે વેચાણ કરવામાં આવશે, જેની વિગતો નીચે મુજબ છેઃ

| ક્રમ નં. | ઉધારકર્તા(ઓ)/કો-બોરોવર(ઓ)/ જામીનદાર(ઓ) | ડિમાન્ડ નોટિસ તારીખ અને રકમ | સ્થાવર મિલકતનું વર્ણન | રિઝર્વ પ્રાઇસ (RP) | EMD (RP ના 10%) | કબજાની પ્રકૃતિ |
|---|---|---|---|---|---|---|
| 1 | (લોન કોડ નં. 03810000228/ વડોદરા બ્રાન્ચ) ભાવેશ રણજીતભાઈ સોલંકી (ઉધારકર્તા) ગીતા બેન રણજીતભાઈ સોલંકી અને રણજિકુમાર સોલંકી (કો-બોરોવર્સ) | 14-04-2026 & ₹ 3,06,484/- | તે જમીન અને મિલકતનો ટુકડો અને પાર્સલ, ફ્લેટ નં. M 504, 5મા માળે, મારુતિ હાઇટ્સ (EWS પ્રોજેક્ટ), કમલા નગર તળાવ રોડ, એફ.પી. નં. 126, વડોદરા, ગુજરાત, 390019 સીમાઓઃ પૂર્વઃ ટાવર - H, પશ્ચિમઃ M-501, ઉત્તરઃ M-503, દક્ષિણઃ M-505 | Rs. 4,81,600/- | Rs. 48,160/- | ભૌતિક |

1. કેવાયસી, ટેન્ડર ફોર્મ અને સ્વીકૃત નિયમો અને શરતો (ટેન્ડર દસ્તાવેજો) સાથે ડીડી દ્વારા અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) જમા કરવાની છેલ્લી તારીખ 30-11-2026 સાંજે 5:00 વાગ્યા સુધી ઉપરોક્ત ઉલ્લેખિત બ્રાન્ચ ઓફિસના સરનામે અથવા https://bankeauctions.com પર અપલોડ કરવાની રહેશે. છેલ્લી તારીખ પછી પ્રાપ્ત થયેલા ટેન્ડર દસ્તાવેજો અમાન્ય ગણવામાં આવશે અને તે મુજબ રદ કરવામાં આવશે. EMD પર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહીં.
2. ઓક્શન/બિડિંગ ખોલવાની તારીખ (ઓક્શન તારીખ) પ્રોપર્ટી માટે 01-12-2026ના રોજ બપોરે 03:00થી 04:00 સુધી https://bankeauctions.com પર રહેશે.
3. AHFL ઉપર જણાવ્યા મુજબ મિલકત પર બાકી રહેલી કોઈપણ જવાબદારીઓ માટે જવાબદાર નથી. મિલકત "જે છે જ્યાં છે આધાર", "જે છે જેવી છે આધાર" અને "જેવી છે તેવી સ્થિતિ છે" પર ઓક્શન કરવામાં આવશે.
4. ડિમાન્ડ ડ્રાફ્ટ "આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ"ની તરફેણમાં બનાવવો જોઈએ.
5. ઓક્શન/બિડિંગ માત્ર વેબસાઇટ https://bankeauctions.com દ્વારા "ઓનલાઈન ઈલેક્ટ્રોનિક બિડિંગ" દ્વારા જ હોવું જોઈએ. બિડર્સને ઇ-ઓક્શન વેચાણ કાર્યવાહીમાં ભાગ લેતા પહેલા વિગતવાર શરતો માટે વેબસાઇટની મુલાકાત લેવાની સલાહ આપવામાં આવે છે.
6. ઈચ્છુક બિડર્સે પોર્ટલ M/s C1 INDIA PVT LTD પર https://bankeauctions.com/registration/signup દ્વારા તેમના નામ રજીસ્ટ્રાર કરવા પડશે, અને વેબસાઇટ https://bankeauctions.com પરથી નિઃશુલ્ક તેમનું યુઝર આઈડી અને પાસવર્ડ મેળવવો પડશે. સંભવિત બિડર M/s C1 INDIA PVT LTD દ્વારા https://bankeauctions.com પર ઇ-ઓક્શન પર ઓનલાઈન તાલીમ મેળવી શકે છે.
7. આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી, અમિતકુમાર સોની (સંપર્ક નં. 9913333214) અથવા સર્વિસ પ્રોવાઇડર M/s C1 INDIA PVT LTD, શ્રી પ્રભાકરન, મોબાઈલ નં. +91-74182-81709, ઇમેઇલઃ tn@c1india.com & support@bankeauctions.com, ફોન નં. 91729198124/25/26. આજની તારીખ મુજબ, આધાર હાઉસિંગ ફાઇનાન્સ AHFL/ અધિકૃત અધિકારીને વેચાણ કરવા, હસ્તાંતરિત કરવા અને/અથવા ઉપરોક્ત સ્થાવર મિલકતોના નિકાલથી રોકવા માટે કોઈ ઓર્ડર/કોર્ટ મનાઈ-હુકમ નથી.
8. વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે, કૃપા કરીને આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (AHFL), સુરક્ષિત લેણાદારની વેબસાઇટ એટલે કે www.aadharhousing.com પર પૂરા પાડવામાં આવેલ લિંકનો સંદર્ભ લો.
9. ઓક્શન માટે બિડ વૃદ્ધિની રકમ 10,000/- છે.
10. આ અખબારનું પ્રકાશન અને તેમાં રહેલો ડેટા સામાન્ય જાહેર પ્રસારણ માટે બનાવાયેલ છે. કોઈપણ સ્વરૂપમાં અથવા કોઈપણ માધ્યમથી, ભલે પ્રિન્ટ, ડિજિટલ, ઇલેક્ટ્રોનિક પ્રકાશનમાં અથવા વેબ પબ્લિકેશન્સમાં, સંપૂર્ણ અથવા અંશતઃ કોઈપણ રિપ્રોડક્શન, વિતરણ, પ્રસારણ, ટ્રાન્સમિશન અથવા પુનઃપ્રકાશન સખત પ્રતિબંધિત છે. AHFLની પૂર્વ મંજૂરી વિના ઉપરોક્ત સામગ્રીનો કોઈપણ અનધિકૃત ઉપયોગ AHFL દ્વારા કાનૂની કાર્યવાહીમાં પરિણમી શકે છે.

સહી/- અધિકૃત અધિકારી
આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ
સ્થળઃ ગુજરાત, તારીખઃ 26-10-2026